# પ્રાથમિક શાળા, રાસ્કાના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર નેનપુર ખાતે તા. ૦૭-૦૩-૨૦૨૫ ના રોજ મુલાકાત લીધી

મહેમદાબાદ તાલુકાની રાસ્કાની પ્રાથમિક શાળાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ ૬૦ વિદ્યાર્થીઓએ અને ૫ શિક્ષકોએ વ્યવસાયલક્ષી શિક્ષણ અંતર્ગત નેનપુર કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ , પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર , નેનપુરની મુલાકાત લીધી. આ અન્વયે કેન્દ્રના વડા અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિએ , વિદ્યાર્થીઓને કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ , કૃષિ વિજ્ઞાન વિષયક, યુનિવર્સિટી દ્વારા ચાલતા કૃષિ અભ્યાસ વિશે પ્રકાશ પાડ્યો હતો. રાસ્કા ના ખેડૂતપુત્રોને વિદ્યાર્થીઓને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને વૈજ્ઞાનિક અભિગમથી જીવન જીવવાની પ્રેરણા પાડી હતી. યુનિવર્સિટીના વિવિધ સંશોધન/ તાંત્રિકતાઓ અને હાલમાં ખેડૂતો દ્વારા પાક ઉપર જંતુનાશક દવાનો છંટકાવ અને રાસાયણિક ખાતરોના વધુ વપરાશથી, માણસના અને જમીનના આરોગ્ય ઉપર થયેલ વિપરીત અસરોની જાણકારી આપેલ. ડૉ. બી. એન. ઠક્કર , મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ ખેતીની અગત્યતા વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ, ડૉ. તારક પટેલ, સહસંશોધક દ્વારા વિદ્યાર્થીનીઓને પર્યાવરણીય જાગૃતી વિષે વૃક્ષોની સમજ આપી પર્યાવરણ બચાવો વિષે માહિતગાર કરવામાં આવેલ અને સર્વે વિધ્યાર્થીને નેનપુર કેમ્પસમાં મ્યુજિયમની મુલાકાત ગોઠવીને અને જીવંત નમૂના અને ચાર્ટ દ્વારા કૃષિ વિજ્ઞાનની કૃષિ વિષયક માહિતી પ્રત્યક્ષ બતાવેલ. છેલ્લે સર્વે વિધ્યાર્થીને કૃષિ અભ્યાસ અને પ્રાકૃતિક કૃષિ વિષે પ્રોત્સાહિત કરેલા.

**પ્રાથમિક શાળા, રાસ્કાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ૬૦ વિદ્યાર્થીઓ અને૫ શિક્ષકોએ  કૃષિ સંશોધન કેન્દ્ર નેનપુરની મુલાકાત**






પ્રાથમિક શાળા, રાસ્કાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ૬૦ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોએ  કૃષિ સંશોધન કેન્દ્ર નેનપુરની મુલાકાત






પ્રાથમિક શાળા, રાસ્કાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ૬૦ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોએ જીવંત નમૂના અને ચાર્ટ દ્વારા કૃષિ વિજ્ઞાનની કૃષિ વિષયક માહિતી પ્રત્યક્ષ બતાવેલ